DCD-16010103010204O2 Seat No. ______

**B. A. (Sem. II) (CBCS) (W.E.F. 2016) Examination**

**July - 2022**

**Gujarati**

*(ગુજરાતી વ્યાકરણ, સર્જન-લેખન કૌશલ - 2) (વિકલ્પ - 2) (Old Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.

(2) દરેક પ્રશ્નના ઉત્તર ઉત્તરવહીમાં જ આપવાના છે.

(3) દરેક પ્રશ્નોના ગુણ સરખા છે.

1 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : **14**

પ્રજાની સંસ્કૃતિનું પ્રતિબિંબ મહદંશે તેની જીવનરીતિમાં પડે છે, પણ તેથીયે મહત્તર અંશે તે પ્રજાની વિચાર પ્રક્રિયાઓમાં અને જીવન પ્રત્યેના તેના દૃષ્ટિબિંદુમાં પ્રતિબિંબિત થાય છે. આ બધું જીવનરીતિ, વિચાર પ્રક્રિયાઓ, જીવનદૃષ્ટિ અને આંતરિક ઝંખનાઓ પ્રજાની કલાઓ અને સાહિત્ય દ્વારા અભિવ્યક્તિ પામે છે, અને એટલે કોઈ પણ પ્રજાની કલાઓ અને સાહિત્ય તે તે સાંસ્કૃતિક સમૂહની ભાવમૂર્તિનો બહુ સબળ રીતે પ્રક્ષેપ કરી શકે છે. આ વિધાનમાં રહેલું તથ્ય અનુભવવા બહુ લાંબે જવું પડે તેમ નથી. જીવનના દર્શન અને તેના પ્રત્યેના ભાવ અને અભિગમના દૃષ્ટિબિંદુથી જોઈએ તો પ્રાચીન ભારતની કલાઓ અને સાહિત્ય, પ્રાચીન ગ્રીસની કલાઓ અને સાહિત્ય કરતાં ભિન્ન સ્તર ઉપર પ્રસ્થાપિત થયેલાં દેખાય છે. પ્રાચીન ભારત અને પ્રાચીન ગ્રીસ બંનેએ તેમના ગૌરવાન્વિત યુગો દરમિયાન અમર કલાકૃતિઓ સર્જી છે. પણ તે કૃતિઓની ભાવ અને અભિવ્યક્તિ તદ્દન ભિન્ન ભિન્ન સ્તરની છે.

**- ગુલાબદાસ બ્રોકર**

**અથવા**

1 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : **14**

સર્જન પાછળ કલાકારનો જો કોઈ હેતુ હોય તો તે એ હોવા સંભવ છે કે સામા માણસમાં સમ-સંવેદન માગે છે. કલાકારની કોઈ એષણા હોય તો તે એટલી જ કે કોઈ મને સમજે. પોતાના મનની વાત એ સંક્રાન્ત કરવા પ્રવૃત્ત થાય છે તે એ આશયથી કે પોતાને બીજાઓ સમજવા પ્રયત્ન કરે અને આ માત્ર અંગત આશય નથી. કલાકારને - કવિને કલ્પનાબળે જીવનના અનુભવો સહજમાં થાય છે. અને એની પાછળનું સત્ય પણ એને સહજમાં પ્રતીત થાય છે. જીવનની આ સમજણ (અથવા આપણો બીજો સુંદર શબ્દ વાપરું તો 'સૂઝ') જેવી પોતાને છે એવી બીજાઓને પણ પ્રગટે એવી એની હૃદયની વાંછના હોય છે. ખરું કહીએ તો, માત્ર કલાકારને

જ શા સારુ? - માણસ માત્રને આ જાતની - પોતાને કોઈ સમજે એવી એષણા હોય છે. પણ પોતાને જે સત્ય સૂઝે છે તેને સૌંદર્ય મંડિત કરી અન્ય માણસમાં પહોંચાડવાની કવિ પાસે વિશિષ્ટ રીત છે અને કવિ જે સંક્રાન્ત કરે છે તે સામાન્ય માણસની માફક પોતાની અંગત વસ્તુઓ નહિ પણ જીવનનો સર્વગ્રાહી અનુભવસાર હોય છે એ પણ કવિની બાબતમાં બીજી વિશિષ્ટતા છે. ભાવક કવિનું કાવ્ય ગ્રહણ કરી સમસંવેદન પામી શકે ત્યારે તેના આત્માની સંતૃપ્તિ પણ કવિના જેવી જ હોય છે.

**- ઉમાશંકર જોશી**

2 નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : **14**

ગાંધીજી કહે છે કેઃ ''મને જો હિન્દુ ધર્મની વ્યાખ્યા આપવાનું કહેવામાં આવે તો હું એટલું જ કહું કે અહિંસક સાધન વડે સત્યની શોધ.'' માણસ ઈશ્વરને માનતો હોય છતાં પોતાને હિન્દુ કહેવડાવી શકે છે. હિન્દુ ધર્મ એ સત્યપ્રાપ્તિ માટેનો અવિરત પુરુષાર્થ છે. વળી એમણે કહ્યું છે કે હિન્દુ ધર્મ એ 'સત્યનો ધર્મ' છે. સત્ય એ જ પરમેશ્વર છે. પરમેશ્વરનો ઈન્કાર થયેલો આપણે જાણ્યો છે, સત્યનો ઈન્કાર થયેલો જાણ્યો નથી. એકવાર તેમણે 'હરિજન'માં લખેલું 'હું જેમ ગીતાને માનું છું તેમ બાઈબલને પણ માનું છું. હું જગતના સર્વ ધર્મોને મારા ધર્મના જેટલાં જ સાચા માનું છું. એ ધર્મોના પોતાના જ અનુયાયીઓ આજે એમના વિકૃત રૂપ આલેખીને તેમની હાંસી કરી રહ્યા છે. એવી રીતે એમાંના કોઈ પણ ધર્મની હાંસી થયેલી જોતાં મને દુઃખ થાય છે.' સાચા હિન્દુને માટે પ્રભુનું એવું કોઈ મંદિર કે દેવાલય ભાગ્યે જ હશે જ્યાં જઈને તે મૂંગે મોઢે પ્રાર્થના ન કરી શકે; એવી પ્રાર્થના કે ઉપાસના ભાગ્યે જ હશે જેમાં તે ભક્તિભાવે સામેલ ન થઈ શકે. આ સહિષ્ણુતાને લીધે હિન્દુ ધર્મ પોતે ધાર્મિક અભિલાષા ને પુરુષાર્થના લગભગ સર્વ પ્રકારોને કથાઓરૂપી તાણાવાણાથી રચેલા ભાતીગળ પટોળારૂપ બની ગયો છે. તેણે અપાર સૌજન્ય વડે મનુષ્યની દરેક પ્રકારની ઝંખનાને, જરૂરિયાતને અનુકૂળતા કરી આપવા માટે પોતાના સ્વરૂપમાં ફેરફારો કર્યા છે. ઈશ્વરના મનુષ્યે કલ્પેલા પ્રત્યેક અંગને સ્વીકારતાં ને તેને પોતાની કાયામાં સમાવી લેતાં તે અચકાયો નથી અને છતાં એ ભિન્ન ભિન્ન રૂપે પરબ્રહ્મના જ પરિણામે, વિવર્તો કે અંશો છે એમ બતાવીને તેણે પોતાની એકરૂપતા જાળવી રાખી છે.

**- ડૉ. રાધાકૃષ્ણન્**

**અથવા**

2 નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : **14**

માત્ર શાંતિ નહિ, સમૃદ્ધિ પણ માણસને જોઈએ છે. આપણાં શાસ્ત્રોમાં તેની શાંતિ, તૃષ્ટિ અને પુષ્ટિ એમ ત્રણેને સાથે મૂકવામાં આવ્યાં છે. શાંતિ કબ્રસ્તાનમાં ક્યાં નથી હોતી? યુદ્ધની ભેદીનો અવાજ બંધ થાય તે સાથે નિર્માણનાં ગીતોનું ગુંજન શરૂ થાય તે પણ જરૂરી છે. આજની દુનિયામાં અનાજની ખોટ નથી અને છતાં ભૂખમરો છે. નદીકાંઠે કોઈ તરસે મરે કારણ કે તેને તરતાં નથી આવડતું. એવી આજની દુનિયાની સ્થિતિ છે. માનવ ભૂખે મરે છે કારણ કે તેને જીવતાં નથી

આવડતું. અણુબોમ્બથી માણસ ગભરાય છે કારણ કે આતમબોમ્બની શક્તિનો આવિર્ભાવ હજી તેને થયો નથી. જીવનવિકાસની યોજના કરવાને બદલે મરણના આયોજનની હરીફાઈમાં એ પડ્યો છે. કોની ઠાઠડી લાંબી થશે એવી હરીફાઈ કોઈ દિવસ ડાહ્યા માણસો નથી કરતા. મારા દેશનું લશ્કર મોટું છે એવી બડાશ મારનારાઓ આવી જ હાસ્યાસ્પદ હરીફાઈમાં પડ્યા છે. પોતાના દેશનાં લોકોને ભૂખે મારીને બીજા દેશનાં લોકોને ડરાવવા માટે અણુબોમ્બ બનાવવા સુધી માણસ પહોંચ્યો છે ત્યારે પ્રશ્ન થાય છે કે આનો અંત ક્યારે અને શી રીતે લાવવો? શિક્ષણ સિવાય આ નહિ મટે. એવાં બાળકો કેળવવાં જોઈએ કે જે યુદ્ધ માત્રને તિરસ્કારે.

**- ડૉ. ગુણવંત શાહ**

3 નીચે આપેલ ગદ્યલખાણમાંથી યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી ફરીથી લખો : **14**

બબલીયે કેવી હું રોજ માટી-પીટીને ઊંઘાડું-ને આંઈ તો આને હીંચોળીયે ઘોંટી ગઈ અરેરે તેમ કોઈ દાડો મારી બબલીને હીંચોળી છે કોઈ દાડો હાલાંનો એક રાગડોય કાઢ્યો છે તેમ તો જ્યારે હું વીનવું ત્યારે બસ એમ જ કહીને ઊભા રહો કે એ મારું કામ નહિ હું મરદ છું જોજો - મરદ જોયા ન હોય તો

**અથવા**

3 નીચે આપેલ ગદ્યલખાણમાંથી યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી ફરીથી લખો : **14**

ગંગાએ જરા લોટવાળા હાથ ખંખેરતાં હસતે મોઢે બહાર આવી કહ્યું ભાઈ તમારા માટે ભજિયાંનો લોટ જરા દળતી હતી મોઢું કેમ સુકાઈ ગયું છે મુકુન્દે એ જ અવાજમાં કહ્યું પણ હજી તમે રસોઈ ન કરી મેં તાર કર્યો હતો ને કેટલું બધું મોડું થયું

4 દ્વન્દ્વ અને બહુવ્રીહિ સમાસની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત સમજાવો. **14**

**અથવા**

4 તત્પુરુષ અને કર્મધારય સમાસની વ્યાખ્યા આપી દૃષ્ટાંત સાથે વિગતે સમજાવો. **14**

5 નીચેના **ચાર (04)** પૈકી કોઈ પણ **બે (02)** પ્રશ્નના જવાબ આપો : **14**

(1) નીચે આપેલ રૂઢિપ્રયોગોનો અર્થ સમજાવો :

(1) કોણીએ ગોળ લગાવવો

(2) આંખ મીંચાવી

(3) અદબ તોડવી

(4) વાળ વાંકો થવો

(5) ઉચાળા ભરવા

(6) લોહીનું પાણી કરવું

(7) એકનું બે ના થવું

(2) નીચે આપેલ કહેવતનો અર્થ આપો :

(1) નવરો નખોદ વાળે

(2) ચોરનો ભાઈ ઘંટી ચોર

(3) આબરૂના કાંકરા થવા

(4) બોલે તેનાં બોર વેચાય

(5) જેવી કરણી એવી ભરણી

(6) પાટલી બદલવી

(7) કાંટા વિના ગુલાબ ના હોય

(3) નીચે આપેલ રૂઢિપ્રયોગોનો અર્થ સમજાવો :

(1) ભાવ પૂછવો

(2) ચૌદમું રતન

(3) થૂંકેલું ગળવું

(4) ઘોળીને પી જવું

(5) અંગારો ઊઠવો

(6) ડંકો વગાડવો

(7) દાઢીમાં હાથ ઘાલવો.

(4) નીચે આપેલી કહેવતનો અર્થ આપો :

(1) અધૂરો ઘડો છલકાય ઘણો.

(2) ઊજળું એટલું દૂધ નહિ

(3) કાંકરે કાંકરે પાળ બંધાય

(4) નાચવું નહિ ત્યારે આંગણું વાંકું

(5) રાત થોડી ને વેશ ઝાઝા

(6) નમે તે સૌને ગમે

(7) લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવાય.

---